રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૮૧ કેસ

કોરોનાને લીધે ૧૧ના મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૧૫૮૫૯ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૪૪૨ના મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૭૦૩

ગાંધીનગર,તા.૨૯

રાજ્યમાં ૨૪ કલાકમાં ૬૨,૩૩૮ ટેસ્ટ કરાતા ૧૩૮૧ કેસ કોરોના પોઝિટિવ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧લાખ ૩૬ હજારને પાર ૧,૩૬,૦૦૪ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧ ના મોત થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૩૪૪૨ થયો છે. રાજ્યમાં આજે ૧૩૮૩ દર્દી સાજા થતા કુલ ડિસ્ચાર્જ ૧,૧૫,૮૫૯ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬,૭૦૩ કોરોના એક્ટિવ કેસ છે જેમાં ૮૯ વેન્ટીલેટર પર અને ૧૬,૬૧૪ સ્ટેબલ છે.રાજ્યમાં ઘણા બધાં દિવસો પછી કોરોનાનાં કેસનો આંકડો ૧૪૦૦ ની નીચે ગયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૩,૫૬,૦૬૨ કુલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લાઓમાં આજની તારીખે ૫,૯૨,૪૮૧ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે. જેમાં ૫,૯૨,૦૫૦ લોકોને હોમ ક્વોરન્ટાઇન અને ૪૩૧ લોકોને ફેસીલીટી ક્વોરન્ટાઇન કરવામાં આવ્યાં છે. રાજ્યમાં આજ રોજ ૧૧ દર્દીના મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેરમાં ૧ અને ગ્રામ્યમાં ૩, રાજકોટમાં ૧, વડોદરા શહેરમાં ૧ અને ગ્રામ્યમાં ૧, ગાંધીનગર શહેરમાં ૧ મોત કોરોનાનાં કારણે નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૭૬ અને જિલ્લામાં ૧૯ સાથે કુલ ૧૯૫ કેસ પોઝિટિવ આવ્યા છે. શહેરમાં આ સાથે ૩૬૬૫૧ કુલ કોરોના સંક્રમિતના કેસ નોંધાયા છે. આજે ૩ના મોત અમદાવાદમાં થતા કુલ મૃત્યુઆંક ૧૮૧૦ થયો છે. સુરત શહેરમાં ૧૭૯ અને જિલ્લામાં ૧૩૨ સાથે કુલ ૩૧૧ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૨૮૬૭૧ થયો છે. જ્યારે આજે સુરતમાં ૪ મોત નોંધાતા ૭૬૫ કુલ મોત થયા છે. વડોદરા શહેરમાં ૯૦ અને જિલ્લામાં ૩૯ સાથે કુલ ૧૨૯ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિત ૧૧૯૪૩ થયો છે. આજે ૨ના મોત થતા કુલ ૧૮૪ મોત થયા છે. રાજકોટ શહેરમાં ૧૦૪ અને જિલ્લામાં ૪૪ સાથે ૧૪૮ કેસ નોંધાતા કુલ સંક્રમિત ૮૯૩૨ થયા છે. આજે ૧ મોત નોંધાતા કુલ મોત ૧૩૮ થયા છે.

આંતરરાજ્ય ઘરફોડ ચોરી કરતી ગેંગ ઝડપાઈ

૭ આરોપીઓ ઝડપાયા : એલ.સી.બી. પોલીસે ૬.૧૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

કોરોના મહામારી વચ્ચે બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચએ આંતરરાજ્ય ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઘરફોડ ચોરી ગેંગના ૭ આરોપીઓને ઝડપી લઈ તેમની પાસેથી રૂ.૬.૧૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે મળેલી બાતમીના આધારે પાલનપુર શહેરના ધનીયાણા ચાર રસ્તા પાસેથી શોપિંગ સેન્ટરની ખુલ્લી જગ્યામાંથી એક સફેદ કલરની કાર અને ૪ નંબર વગરના બુલેટ બાઈક ઝડપી પાડ્યા છે. દરમિયાન, પોલીસે ઈસમોની કડક પુછપરછ કરતાં તેમને પાલનપુર, ભરૂચ, અંકલેશ્વર, નવસારી તેમજ રાજસ્થાન રાજ્યમાં ચોરી કરી હોવાનું કબુલ્યું હતુ. પોલીસે આરોપી

ઓ પાસેથી રૂ. ૬,૧૮,૮૯૦નો મુદ્દામાલ ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય ઘરફોડ ચોરીના ગુના મામલે ૭ લોકોની અટકાયત કરી છે.લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. હાર્દિકસિંહ પરમાર અને પી.એસ.આઈ આર.જી.દેસાઈ અલગ-અલગ ટીમો બનાવી મિલ્કત સંબંધી ગુનાઓનો ભેદ ઉકેલવા પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન ન્ઝમ્ને બાતમી મળી હતી કે, પાલનપુર ધનીયાણા ચાર રસ્તા શોપિંગ આગળની ખુલ્લી જગ્યામાં એક સફેદ કલરની ટોયટો ઈટીઓસ ગાડી અને તેની બાજુમાં નંબર વગરના ૪ બુલેટ બાઈક પડ્યા છે.

ત્યારે ઘટનાસ્થળ પર પહોંચી લોકલ ક્રાઈમ બ્રાન્ચે કાર અને ૪ બુલેટ બાઈક સાથે ૭ ઈસમોને ઝડપી પાડ્યા હતા. જે બાદમાં કારની તલાશી લેતાં અંદરથી ગેસ કટર તેમજ સરસામાન મળી આવ્યો હતો. પોલીસે ચોરીમાં ગયેલ મુદ્દામાલ કિ.રૂ.૨૫,૯૮૦, ચોરીના મોટર સાયકલ બુલેટ નંગ-૪ કિ.રૂ.૨,૯૦,૦૦૦, ચોરીમાં વપરાયેલ કટર નંગ-૧, ગેસનો બાટલો નંગ-૧ કિ.રૂ.૧૦.૦૦૦, ઈટીયસ ગાડી કિ.રૂ.૨,૫૦,૦૦૦, મોબાઈલ નંગ-૮ કિ.રૂ.૩૯,૫૦૦ ડોંગલ કિ.રૂ.૧૫૦૦, રોકડ રકમ કિ.રૂ.૧,૪૧૦ એક નકલી પિસ્તોલ કિ.રૂ.૫૦૦ મળી કુલ કિ.રૂ.૬,૧૮,૮૯૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે.

સફાઈ કામદારોનો અનોખો વિરોધ, ભજન કરી ન્યાયની માંગ

અરવલ્લી કલેકટર કચેરી બહાર પશુ દવાખાનામાં સફાઈ કામદારોને નોકરી પર લેવાની માંગ

કોરોના મહામારીમાં અસંખ્ય લોકોની રોજીરોટી છીનવાઈ ગઈ છે. અરવલ્લી જીલ્લામાં પશુ દવાખાનામાં આઉટ સોર્સિંગ પર કામ કરતા ૨૫ થી વધુ સફાઈ કામદારોને છૂટા કરતા અટકાયત કરી હતી.

અરવલ્લી જિલ્લાના વિવિધ પશુ દવાખાનાઓમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા ૨૫ થી વધારે કર્મચારીઓને છેલ્લા કેટલાક મહિનાઓથી છૂટા કરતા તેઓ

જિલ્લા કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારી તેમજ જિલ્લા પશુપાલન અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી. સફાઈ કામદારોને ન્યાય નહિ મળતા સહપરિવાર જીલ્લા કલેકટર કચેરી બહાર ન્યાયની માંગ સાથે ભજન મંડળી યોજી ન્યાયની માંગ કરતા લોકોના ટોળેટોળા અનોખો વિરોધ જોવા ઉમટ્યા હતા. સફાઈ કામદારોના અનોખો વિરોધ પણ અધિકારીઓ સહન કરી ન શકતા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ તાબડતોડ પહોંચી ભજન કરી રહેલ સફાઈ કર્મીઓને અટકાયત કરતા સફાઈ કર્મચારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતી પેદા થઈ હતી પોલીસે ૮ થી વધુ લોકોની બેરોજગાર બન્યા છે. કર્મચારીઓને છૂટા કરતા તેઓને ઘરમાં ખાવાના ફાંફા પડી રહ્યા છે ત્યારે ન્યાયની માંગ સાથે કોરોના કહેર વચ્ચે અરવલ્લી જિલ્લા કલોક્ટર કચેરી ખાતે અનોખો વિરોધ જોવા મળ્યો હતો. વાલ્મિકી સંગઠનના આગેવાન અને સફાઈકામદારોએ કલેક્ટર કચેરી બહાર જ ભજન મંડળી યોજી વિરોધ પ્રદર્શન કર્યો હતો. આ પ્રકારનો અરવલ્લી જિલ્લામાં પ્રથમવાર વિરોધ જોવા મળ્યો હતો. વાલ્મિકી સંગઠનના પ્રમુખ લાલજી ભગતની આગેવાનીમાં સફાઈ કામદારોએ ભજન ગાઈને વિરોધ કર્યો હતો, જેને જોવા માટે અહીં આવતા અરજદારો પણ ટોળું વળીને ભજન સાંભળતા નજરે પડ્યા હતા. મહત્વનું છે કે જિલ્લાના વિવિધ પશુ દવાખાનાઓમાં આઉટ સોર્સીંગથી ફરજ બજાવતા ૨૫ થી વધુ કર્મચારીઓને છેલ્લા કેટલાય મહિનાથી છુટા કરી દેવામાં આવતા તમામ કર્મચારીઓના પરિવાર પર જાણે આભ તૂટી પડયું હોય તેવું લાગી રહ્યું છે. સફાઈ કામદારોએ આઉટ સોર્સીંગ એજન્સી મારફતે ફરજ પર પરત લેવાયા નથી છૂટા કરાયેલા સફાઈકર્મીઓને પરત લેવાની માંગ સાથે કેટલાય સમયથી જિલ્લા કલેક્ટર અને ડીડીઓ સહિતના અધિકારીઓને રજૂઆત કરીને થાકી ગયેલા સફાઈ કામદારોએ આજે અનોખી રીતે વિરોધ વ્યક્ત કર્યો હતો. આખરે કલેક્ટર કચેરીએ ટાઉન પૉલિસ પહોંચી હતી અને એક બાળકી સહિત ૮ લોકોની અટક કરી હતી પોલીસે વાજિત્રા સહિતના વાદ્યો પણ જપ્ત કર્યા હતા.

મગફળી રજીસ્ટ્રેશન પહેલા ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા વીસીઈ કર્મચારીઓનું સરકારનું નાક દબાવવાનો પ્રયત્ન

રાજ્યની ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા વીસીઈ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓએ ટેકાના ભાવે મગફળી રજીસ્ટ્રેશન શરૂ થવાના ગણતરીના દિવસો પહેલા તેમની

પડતર માંગણીઓને લઈને ૧ ઓક્ટોમ્બરથી ગ્રામ પંચાયતોમાં કામગીરીથી અળગા રહેવાની ચીમકી ઉચ્ચારી છે. હાલમાં ચાલી રહેલ કોરોનાની મહામારીમાં ટેકાના ભાવે મગફળી વેચવા રજીસ્ટ્રેશન કરાવવા ભારે ધસારો રહેવાના પગલે વીસીઈ કર્મચારીઓ કોરોનાગ્રસ્ત થવાની રહેલી સંભાવનાના પગલે વીમા કવચ આપવાની માંગ પણ કરી અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી.

અરવલ્લી જીલ્લાની ગ્રામ પંચાયતોમાં વર્ષોથી વીસીઈ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ પગાર વગર છેલ્લા ૧૪ વર્ષથી કમિશન પર કામ કરી રહ્યા છે. સરકારે વીસીઈ કર્મચારીઓના પગાર ધોરણ નક્કી કરવામાં આવેની વારંવાર રજુઆત કરવા છતાં યોગ્ય નિર્ણય લેવાયો નથી જેથી. અરવલ્લી જિલ્લામાં મગફળીના રજિસ્ટ્રેશન પહેલા ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઑપરટર દ્વારા કામગીરીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. જિલ્લાના પંચાયત કૉમ્પ્યુટર ઑપરેટર મંડળની માંગ છે કે કોરોના મહામારીમાં તેમને વીમા કવચ પુરી પાડવામાંઆવે, સાથે જ કમિશન પ્રથા બંધ કરી પગાર ધોરણ નક્કી કરવો તેમજ અગાઉનું પીએમ કિસાન, કૃષિ સહાય, જન્મ-મરણ સહિતની એન્ટ્રીનું ચુકવણું તાત્કાલિક કરવામાં આવે. આ ત્રણ માંગને લઈને અરવલ્લી જિલ્લા અધિક કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.

ટોરડા સ્વામિનારાયણ મંદિરમાં દર્શન, ઉતારો અને ભોજનાલય બંધ

ભિલોડા,તા.૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં આવેલ સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા સ્વામિનારાયણ મંદિર હરિભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે. દુર-દુરથી હરિભક્તો દર્શનાર્થે આવતા હોય છે. કોરોના વાઈરસની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સ્વામિનારાયણ મંદિરમાં દર્શન, ઉતારો અને ભોજનાલય બંધ છે.

સ્વામીનારાયણ મંદિર સદ્‌ગુરૂ મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી અને હરિભક્તોએ જણાવ્યું હતું કે કોરોના વાઈરસની મહામારીના સંકટ દરમ્યાન સ્વામીનારાયણ ભગવાનના દિવ્ય દર્શન હરિભક્તો ઓનલાઈન અને સોશિયલ મિડીયા ધ્વારા કરીને સુખ, શાંતિ મેળવી છે તેમાં જ ભગવાનનો રાજીપો મેળવેલ છે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાઈરસના સંક્રમણના કેસોને ધ્યાનમાં રાખીને સંતો, હરિભક્તો સાથે વિચાર-વિમર્શ કર્યા બાદ સ્વામીનારાયણ મંદિર દર્શનાર્થે બંધ રહેશે જ્યાં સુધી મંદિર ખોલવાનો નિર્ણય ન લેવાય ત્યાં સુધી ઓનલાઈન અને સોશિયલ મિડીયાના માધ્યમથી સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા તેમજ સાવચેતી અને સંયમ રાખવો તેમ જણાવ્યું હતું.

તલોદના વણજારા સમાજે કોરોના વોરિયર્સથી એસઆઈનું સન્માન કર્યુ

તલોદમાં વણજારા સમાજે સોમવારના રોજ કોરોના મહામારી દરમ્યાન સરકારના માર્ગદર્શન હેઠળ કોરોના વોરિયર્સ તરીકે તલોદ વિસ્તારમાં ઉત્તમ કામગીરી કરનાર તલોદ પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી.એસ. સ્વામિનું સન્માન કર્યુ હતુ. ગુજરાત વણજારા સમાજના પ્રદેશ મંત્રી દશરથભાઈ વણજારાના નેતૃત્વમાં તલોદ વણજારા સમાજના આગેવાનો સાથે આજે તલોદ પોલીસ સ્ટેશને પહોંચી કોરોના મહામારી દરમ્યાન પ્રજાજનોના સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તેવા શુભ આશયથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની જાળવણીમાં ઉત્તમ કામગીરી કરનાર તલોદ પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી.એસ. સ્વામિનું ફુલહારથી સ્વાગત કરી તેમની આ

કામગીરીને બિરદાવી સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

તલોદ પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી.એસ. સ્વામિએ સૌનો આભાર પ્રગટ કરી જણાવ્યુ હતુ કે પ્રજાહિતના કાર્ય માટે મને સોંપવામાં આવતી તમામ ફરજો નિષ્ઠાપૂર્વક બજાવીશ.

લક્ષણ જણાય તો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સારવાર નથી લેતા તેવા સમયે કોરોના વાયરસ ફેંફસાને નુકસાન પહોંચાડે છે. ત્યારબાદ સારવાર માટે આવતા દર્દીઓના વાયરસનો લોડ ઘટતો નથી. જેથી દર્દીને દવાઓ અને ઈન્જેકશન લાગુ પડતા નથી અને અંતે દર્દીનું મૃત્યું થાય છે. અત્યારે હાલ કોરોના સંક્રમણના કેસને જોતા વાયરસ વધુ આક્રમક બની રહ્યો છે. ત્યારે અનલોક પરિસ્થિતિમાં નાગરીકોએ જાતે સાવચેતી રાખવાની જરુરીયાત ઉભી થઈ છે. હાલના સમયે તાવ, શરદી-ખાંસી, કફ, ગળામાં બળતરા થવી, શરીર તુંટવુ, સહિત કોઈ અન્ય લક્ષણ જોવા મળે તો તાત્કાલીક અસરથી નાગરીકોએ કોરોનાનો ટેસ્ટ કરાવી જરુર જણાય તો સારવાર લેવી જોઈએ તેમ સિવિલમાં કોરોનાની સારવાર કરતા ડોકટર્સનું કહેવું છે. જયારે છેલ્લા ૬ માસથી કોવીડ હોસ્પિટલમાં હજ્જારો દર્દીઓ કોરોના પોઝીટીવ અને શંકાસ્પદ દર્દીઓ સારવાર મેળવી સ્વસ્થ થઈને ઘરે ગયા છે તેમ સિવિલના તબિબિ અધિક્ષક ડો. નિયતિબેન લાખાણીએ જણાવ્યું હતું.

૧૩ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં એક ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાં નોંધાયા છે. તાલુકાના દેલવાડા ગામે એક ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે અર્બન વિસ્તારમાં એક ૪૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાં આજે અર્બન વિસ્તારમાંથી ૩ કેસ મળી આવ્યા છે. અર્બન-૧ વિસ્તારમાંથી ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવ્યા છે. અર્બન-૨ વિસ્તારમાંથી ૪૯ વર્ષીય પુરૂષ અને ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં આજે વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં ૧૮૯૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૧૫૫ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે આજે ૧૫,૧૦૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

૧૩૦૦ની નજીક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. સે. ૨૩ માંથી ૫૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સે. ૨૭માં રહેતા અને પ્લાન્ટ હેડ મેનેજર તરીકે જીઆઈડીસીમાં નોકરી કરતા ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં એક તરફ કેસોની સંખ્યા વધી રહી છે. જોકે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. શહેરમાં આજે ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૧૦૫૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. શહેરમાં કોરોનાથી આજ સુધીમાં ૨૫ દર્દીના મોત થયા છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં હાલ ૨૧૬ દર્દી એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે વધુ ૪૩૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ આવરી લેવામાં આવેલ છે. શહેરમાં ૨૨૦ જેટલા કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે.

નવી લાઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા માટે બાકીની લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે જેમાં પાલજ ,બાસણ , બોરીજ, ઈન્દ્રોડા અને ધોળાકુવા ગામમાં કેટલાક ભાગોમાં નવી લાઈન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬૦ લાખનો ખર્ચ કરાશે જયારે આગામી જાન્યુઆરી મહીના સુધીમાં આ કામ પુર્ણ કરી દેવાશે. જેના અંતે ગટર લાઈનની સમસ્યા હળવી થશે બીજીતરફ પાણીની પોકારને ડામવા માટે પણ અગાઉ નવા બોર તેમજ ટાંકી અને સંપનુ નિર્માણ કરાયુ છે. જેના અંતે પાણીની સમસ્યાનો પણ અંત આવશે.

સેવા ખાડે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફોનની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેમાં ૨૩૨૨૨૧૨ અને ૨૩૨૨૮૪૨ પર સંપર્ક કરવામાં આવતા મુસાફરોને બસનો સમય અને અન્ય જાણકારી પુરી પાડવામાં આવે છે. છેલ્લા ઘણાં સમયથી ફોનની લાઈનમાં ફોલ્ટ થવાના લીધે ઘણીવાર મુસાફરોને કોઈ જવાબ મળતો નથી જેના લીધે મુસાફરોને પારવાર હાલાકી વેઠવી પડે છે. ફોનસેવા વારંવાર ખોરવાતા ઈન્કવાયરી ઈચ્છુક મુસાફરો પરેશાન થાય છે. આવા સંજોગોમાં સમસ્યાના નિરાકરણ માટે ડેપો તંત્ર દ્વારા મોબાઈલ ફોનની સુવિધા શરૂ કરવામાં આવી છે. જે મુસાફરોને બસનુ ટાઈમ ટેબલ તેમજ ડેપો અંગે અન્ય જાણકારી મેળવવી હોય તેમને ૬૩૫૯૯૧૮૨૯૨ નંબર પર ફોન કરવાથી જરૂરી માહીતી મળી શકશે.

નિયમ બદલાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થાય તો કેવી રીતે ખબર પડશે કે કોઈ વાહનનું કોઈ ડોક્યુમેન્ટ એક્સપાયર થઈ ગયું છે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે લાઈસેસિંગ ઓથોરિટી તરફથી અયોગ્ય અને નિરસ્ત ડ્રાઈવિંગ લાયસન્સની વિગતો પોર્ટલમાં રેકોર્ડ કરવામાં આવશે. જે સમય-સમય પર અપડેટ કરવામાં આવશે. આ અપડેટેડ ડેટા પોર્ટલ પર જોવા મળશે. જો અધિકારી તરફથી ઈલેક્ટ્રોનિકસ સાધનો દ્વારા દસ્તાવેજોની વિગતો કાયદેસર હશે તો તપાસ માટે ફિઝિકલ ડોક્યુમેન્ટ્સની માંગણી કરવામાં આવશે નહીં. કેન્દ્ર સરકાર તરફથી જારી નવા નિયમો પ્રમાણે વાહન માલિકોએ પોતાના ડોક્યુમેન્ટને ઈલેક્ટ્રોનિક ફાર્મમાં મેન્ટેન કરવા જરૂરી રહેશે. જેથી રસ્તા પર તપાસ કરાવવાની ઝંઝટમાંથી છુટકારો મળે. આસાન ભાષામાં સમજો તો લાયસન્સ, રજિસ્ટ્રેશન ડોક્યુમેન્ટ્સ, ફિટનેસ સર્ટિફિકેટ, પરમિટ્સ જેવા વાહન સાથે જોડાયેલ જરૂરી ડોક્યુમેન્ટ્સને સરકાર તરફથી સંચાલિત વેબ પોર્ટલ દ્વારા મેન્ટેન કરવામાં આવી શકશે.

ભારે વિરોધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. એફિડેવિટમાં આગળ કહ્યું છે કે, રિયા ચક્રવર્તી હાઈ સોસાયટી સાથે જોડાયેલા લોકો અને ડ્રગ સપ્લાયર્સના સિંડિકેટની એક્ટિવ મેમ્બર છે અને તેની વિરુદ્ધમાં તેમની પાસે પૂરતા પુરાવા છે.

ઉલ્લેખનીય છે કે, ડ્રગ ચેટ કેસમાં એનસીબીએ અત્યારસુધીમાં રિયા ચક્રવર્તી અને તેના ભાઈ શૌવિક સિવાય સુશાંતના સ્ટાફ સેમ્યુઅલ મિરાન્ડા, દીપેશ સાવંત સહિત ઘણા આરોપીની ધરપકડ કરી છે. આ સિવાય ધર્મા પ્રોડક્શન્સના પૂર્વ આસિસ્ટન્ટ ડિરેક્ટર ક્ષિતિજ પ્રસાદને પણ ઝડપી લેવામાં આવ્યો છે. આ સિવાય એનસીબીએ આ મામલે અત્યારસુધીમાં શ્રુતિ મોદી અને જયા સાહા બાદ દીપિકા પાદુકોણ, રકુલ પ્રીત સિંહ, સારા અલી ખાન અને શ્રદ્ધા કપૂરની પૂછપરછ કરી હતી.

કમાણી કરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કંપનીઓની હાલત ડામાડોળ છે, ત્યારે અંબાણીએ અબજો રુપિયા ભેગા કરવામાં સફળતા મેળવી છે. ૬૩ વર્ષના અંબાણીએ હવે ટેક્નોલોજી અને રિટેલમાં ઝંપલાવવા કમર કસી છે. તેઓ ચીનની અલીબાબાની માફક ભારતમાં પણ ઈ-કોમર્સ કંપની ઉભી કરવા માગે છે. મુકેશ અંબાણી જે પણ ધંધામાં હાથ નાખે છે તેનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ મેળવી લેવાની તેમની ક્ષમતાને કારણે જ ભારતમાં રોકાણ કરવા માગતી મોટી-મોટી ઈન્ટરનેશનલ કંપનીઓ મુકેશ અંબાણીના સાહસમાં અબજો રુપિયાનું રોકાણ કરી રહી છે. ભારત અબજો ઉપભોગતાઓ ધરાવતો દેશ છે. જોકે, અનેક વૈશ્વિક કંપનીઓ હજુ સુધી મોટાભાગના ભારતીયો સુધી નથી પહોંચી શકી. આમ તો ચીન પણ મોટું માર્કેટ છે, પરંતુ ત્યાં નોન-ચાઈનીઝ કંપની માટે ધંધો કરવો મુશ્કેલ છે. ફ્રૂન્ના લિસ્ટમાં એવા ૮૨૮ લોકોના નામ સમાવાયા છે કે જેમની પાસે હજાર કરોડથી વધુની પ્રોપર્ટી છે. આ સંખ્યામાં પાંચ વર્ષ પહેલાની સરખામણીએ ત્રણ ગણો વધારો થયો છે.

લિસ્ટમાં સામેલ ૮૨૮ લોકોમાંથી ૬૨૭ અબજોપતિઓની સંપત્તિમાં વધારો થયો છે, જ્યારે ૨૨૯ની સંપત્તિ ઘટી છે. વળી, ૭૫ લોકોને તો આ લિસ્ટમાંથી જ બહાર નીકળવું પડ્યું હતું. જ્યારે ૨૦૧૩માં પ્રસિદ્ધ થયેલા લિસ્ટમાંથી છ લોકો હવે આ દુનિયામાં નથી રહ્યા. નોંધવા જેવી વાત એ છ કે, ૮૨૮ અબજોપતિઓમાંથી ૯૦ ટકા પારિવારિક ધંધા સાથે સંકળાયેલા છે. અબજોની પ્રોપર્ટી ધરાવતી મહિલાઓની વાત કરીએ તો, આ યાદીમાં સ્મિતા ક્રિશ્ના ૩૨,૪૦૦ કરોડની સંપત્તિ સાથે સૌથી વધુ ધનવાન મહિલા છે. ત્યારપછીના ક્રમે ૩૧,૬૦૦ કરોડ સાથે બાયોકોનના વડા કિરણ મઝુમદાર શૉનું નામ આવે છે. ૮૨૮માંથી ૨૧ લોકો ૪૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવે છે, જ્યારે ૧૭ લોકોએ સંપત્તિ એકલા હાથે ઉભી કરી હતી.

લગાવી આગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તો પણ લોકો વિરોધ પર ઉતરી આવ્યા છે. પીએમે કહ્યું કે વિપક્ષે રામ મંદિરની જન્મ ભૂમિ પૂજનનો વિરોધ કર્યો હતો. તેઓ ના તો ખેડૂતોની સાથે છે ના તો જવાનોની સાથે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે જળ જીવન મિશનથી દરેક ઘર સુધી શુદ્ધ પાણી પહોંચાડાશે. ગંગા આપણી વિરાસતનું પ્રતિક છે, ગંગા દેશની અડધી વસતીને સમૃદ્ધ કરે છે. પહેલાં પણ ગંગા સફાઈને લઈ મોટા અભિયાન ચલાવ્યા, પરંતુ તેમાં જનભાગીદારી નહોતી. જો તે જ પદ્ધતિ અપનાવત તો ગંગા સાફ ના થાત.ચોખ્ખા પાણીને લઈ પીએમે કહ્યું કે હવે ઉત્તરાખંડમાં એક રૂપિયામાં પાણીનું કનેકશન મળી રહ્યું છે. મોદી બોલ્યા કે પહેલાં દિલ્હીમાં નિર્ણય થતા હતા પરંતુ જળ જીવન મિશનથી હવે ગામમાં જ નિર્ણયો થઈ રહ્યા છે. પીએમે કહ્યું કે વિરોધ કરનારાઓ ખેડૂતોને આઝાદ થવા દેવા માંગતા નથી, ખેડૂત જેની પૂજા કરે છે તેને જ આગ લગાવી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે દેશમાં સ્જૅઁ રહેશે અને વિપક્ષ જે દાવા કરી રહ્યું છે તે જુઠ્ઠા છે. પીએમે કહ્યું કે ૪ વર્ષ પહેલાં આ એ સમય હતો જ્યારે દેશના જાબાંજોએ સર્જીકલ સ્ટ્રાઈક કરતા આતંકીઓના અડ્ડા નષ્ટ કરી દીધા હતા. પરંતુ આ લોકો પોતાના જાંબાજો પાસે જ સર્જીકલ સ્ટ્રાઈકના પુરાવા માંગી રહ્યા હતા. સર્જીકલ સ્ટ્રાઈકનો પણ વિરોધ કરીને આ લોકો દેશની સામે પોતાની મંશા સાફ કરી ચૂકયા છે. પીએમે વિપક્ષ પર પ્રહારો ચાલુ રાખ્યા અને કહ્યું આ લોકો ના તો ખેડૂતોની સાથે છે ના નવજવાનોની સાથે અને ના વીર જવાનોની સાથે. અમારી સરકારે વન રેક્ક, વન પેન્શનનો લાભ સૈનિકોને આપ્યો તો તેમણે તેનો પણ વિરોધ કર્યો.

મોદીએ કહ્યું કે વાયુસેના કહેતી રહી કે અમને આધુનિક લડાકુ વિમાન જોઈએ, પરંતુ આ લોકોએ તેની વાત પણ ના સાંભળી. અમારી સરકારે સીધા ફ્રાન્સ સરકાર પાસેથી રાફેલ લડાકુ વિમાન માટે કરાર કરી લીધો તેમને ફરીથી મુશ્કેલી થઈ. તેમણે કહ્યું કે ભારતીય વાયુસેનાની સાથે રાફેલ આવી અને તેમની તાકાત વધી તેનો પણ વિરોધ કરતા રહ્યા. પરંતુ આજે મને ખુશી છે કે રાફેલ વિમાન ભારતીય વાયુસેનાની તાકાત વધારી રહ્યું છે. અંબાલાથી લેહ સુધી તેમની ગર્જના ભારતીય જાંબાજોનો હૉંસલો વધારી રહ્યું છે. પીએમ મોદી બોલ્યા કે હવે ગંગા જળમાં ગંદા પાણીને પડતા રોકી રહ્